# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૨/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા 'મોટાભાગના ઉદ્યોગ સાહસિકો વારંવાર કહે છે કે, મારી પાસે સમય નથી' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી દ્વારા ગુરૂવાર, તા. ૨૧ એપ્રિલ ૨૦૨૧ના રોજ 'મોટાભાગના ઉદ્યોગ સાહસિકો વારંવાર કહે છે કે, મારી પાસે સમય નથી' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સર્ટિફાઇડ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ જગત શાહે ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ વધારવા માટે કેવી રીતે સમયનો સદુપયોગ કરવો જોઇએ? તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

જગત શાહે જણાવ્યું હતું કે, બધાને ૨૪ કલાક એકસરખા જ મળે છે. એના માટે કામોની પ્રાયોરિટીનું સિલેકશન બરાબર હોવું જોઇએ. તમે એક – એક કલાકના સમયમાં શું કામ કર્યુ તે લખીને રાખો. તેની વિગતવાર તમારી પાસે નોંધ હોવી જોઇએ. ત્યારબાદ જુદી–જુદી ચાર કલર પેનથી એક – એક કલાક દરમ્યાન કરવામાં આવેલા કામ ઉપર માર્કીંગ કરવું જોઇએ. આનાથી આખા દિવસ દરમ્યાન તમે કેટલી અને કયા પ્રકારની એકટીવિટી કરો છો તેનો સચોટ ખ્યાલ આવશે. મોટાભાગે તો બધા જ ઉદ્યોગ સાહસિક બિઝનેસ ચલાવી રહયા છે, પરંતુ તેઓને બિઝનેસ ચલાવવાનો નથી પણ બિઝનેસ આગળ વધારવા ઉપર ફોકસ કરવાનું છે.

તેમણે બિઝનેસમાં પ્લાનિંગ, ઓર્ગેનાઇઝીગ, ડાયરેકટીગ, સુપરવાઇઝીગ, કો–ઓર્ડિનેટીગ, રિપોર્ટીગ અને બજેટીગ વિશે કામ કરવાનું જણાવ્યું હતું. જેમાં બિઝનેસને આગળ વધારવા માટે તેમણે ઉદ્યોગ સાહસિકોને માત્ર પ્લાનિંગ, ડાયરેકટીગ અને બજેટીગ પૂરતું જ ધ્યાન આપવાની સલાહ આપી હતી. જ્યારે ઓર્ગેનાઇઝીગ, સુપરવાઇઝીગ, કો–ઓર્ડિનેટીગ અને રિપોર્ટીગ જેવા ફંકશન કંપનીમાં એકઝીકયુટીવ સંભાળવા આપી દો તેમ

જણાવ્યું હતું. તેમણે એક નાનકડી એકસરસાઇઝ થકી ઉદ્યોગ સાહસિકોને એક કલાકના સમયની કિંમત જજ કરવાનું શીખવ્યું હતું.

જગત શાહે સમયની બચત માટે ડેલીગેશન અને એમ્પાવરમેન્ટ ઉપર ભાર મૂકયો હતો. યુથ ડ્રિવન ઇકોનોમીના કોન્સેપ્ટ વિશે સમજણ આપતા તેમણે જણાવ્યું હતું કે, બિઝનેસ ચલાવવા માટે ૨૫ વર્ષથી નાની વયના ફ્રેશર્સ વિદ્યાર્થીઓને નોકરીએ રાખવા જોઇએ. આ વિદ્યાર્થીઓને વિવિધ સ્કીલની તાલિમ આપીને તેઓને બિઝનેસ ચલાવવા સત્તા આપવી જોઇએ. બિઝનેસ વ્યવસ્થિત ચાલે છે કે કેમ? તે જાણવા માટે રિપોર્ટીંગ સિસ્ટમ અપનાવવી જોઇએ. બિઝનેસમાં પ્રોડકશન, ફાયનાન્સ, માર્કેટીંગ, એચ.આર. અને એડમીન જેવા ફંકશનોને ડિજીટલાઇઝ કરીને સમય કેવી રીતે બચાવી શકાય છે? તે અંગે સમજણ આપી હતી. વધુમાં તેમણે નોલેજ ઇકોનોમી, ઇકો ફ્રેન્ડલી ઇકોનોમી, ડિજીટલ ઇકોનોમી અને વર્ક ફ્રોમ હોમ / એનીવ્હેર ઇકોનોમીના કોન્સેપ્ટ વિશે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યુ હતું. જ્યારે ચેમ્બરના જીએફઆરઆરસીના ચેરમેન ગિરધરગોપાલ મુંદડાએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલાએ વેબિનારનું સંચાલન કર્યુ હતું અને અંતે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન પણ તેમણે કર્યુ હતું.